| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૪ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૬/૦૪/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | ૦૫/૦૬/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૧ | ૨૬ |
| આંક | | | |

**ફોર્મ– "એ"**

| | | |
|---|---|---|
| **મે. જામનગરના મુખ્ય ફોજદારી ન્યાયાધીશ, તા.જી.જામનગરના ન્યાયાલયમાં શ્રી એન. જી. પરમાર–મુખ્ય ફોજદારી ન્યાયાધીશ, જામનગર.** | | |
| ચુકાદા તારીખ | | **તારીખ ૦૫/૦૬/૨૦૨૬** |
| ફોજદારી કેસ સંખ્યા | | **૩૭૧૭/૨૦૨૪.** |
| ગુનાની વિગત | | |
| ગુનાની કલમ | | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪ અને ૫૦૬(૨) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | | મહિલા પોલસ સ્ટેશન ગુના રજિ. નં.–૧૦/૨૦૨૪. |
| પોલીસ સ્ટેશન | | મહિલા પોલીસ સ્ટેશન. |
| **ફરિયાદી** | | **શ્રી સરકાર** તરફે **ફરિયાદી–નિકીતાબેન વા/ઓ. પંકજભાઇ ડાંગર** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ. મદદનીશ સરકારી વકીલ. | | **એમ.બી.યાદવ** |
| આરોપી | | **પંકજભાઇ લાખાભાઇ ડાંગર (પતિ)**<br>ઉ.વ.૩૧, ધંધો–ડ્રઇવીંગ,<br>રહે.નંદવન સોસાયટી, શેરી નં.૪,<br>રણજીત સાગર રોડ, જામનગર |
| **આરોપી તરફે વિ. વકીલશ્રી** | | **યુ.ડી.ચાવડા** |

## ફોર્મ- "બી"

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૧૦/૨૦૨૨ થી ૨૩/૦૩/૨૦૨૪ દરમ્યાન. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૦/૧૦/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૨૩/૦૩/૨૦૨૪ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૬/૦૭/૨૦૨૪ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૫/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | -- |

## આરોપીની વિગત

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવા માં આવી | ફો.કા.સં. કલમ-૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત ની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પંકજભાઇ લાખાભાઇ ડાંગર | ધરપકડ કરેલ નથી. | ધરપકડ કરેલ નથી. | ભા.દં. સં. કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪ અને ૫૦૬(૨) મુજબ. | નિર્દોષ છોડયા | -- | વર્ષ-માસ-દિ. ૦૦-૦૦-૦૦ |

## ફોર્મ-સી

### (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા

ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે.

| સાહેદ નંબર | આંક | સાહેદના નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૨ | નિકીતા કમલેશગીરી ગોસ્વામીની જુબાની. | ફરિયાદી |

### (એ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા

ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ

કરેલ છે.

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૩ | ગુનાની ફરિયાદ. |
| ૨ | ૨૩/૧૫ | ફરિયાદીનું ઇન્જરી સર્ટીફીકેટ |
| ૩ | ૨૬ | કલોઝીંગ પુરસીસ |

## -// **ચુકાદો** //-

(૧.૦) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદીના પ્રેમ લગ્ન પંકજભાઇ લાખાભાઇ ડાંગર સાથે તા.૧૦/૧૦/૨૦૧૮ ના રોજ થયેલ. ત્યારબાદ ત્રણ વર્ષ સુધી ફરિયાદી તેમના માવતરની સાથે રહેતા હતા અને ત્યારબાદ ફરિયાદીના માતા-પિતાને તેમના લગ્નની જાણ થતા તેઓ તેમના પતિનજા ઘરે જામનગર સાધના કોલોનીમાં રહેવા ગયેલ હતા. ફરિયાદીના પતિ ટ્રકનો વ્યવસાય કરતા હતા. આ કામના ફરિયાદીને શરૂઆતના દોઢેક વર્ષ સારીરીતે રાખેલ, ત્યારબાદ તેમને દુખત્રાસ આપવાનું શરૂ થયેલ જેમાં તેમના પતિએ પોતાનો ટ્રક વેંચીનુે દારૂ વેચવાનાો ધંધો શરૂ કરેલ હતો અને દારૂ પી ફરિયાદી સાથે બોલાચાલી-ઝંઘડો કરતા અને ભુંડા બોલી ગાળો કાઢી મારકુટ કરતા હતા અને અવાર નવાર ફરિયાદીના ચારીત્ર ઉપર શંકા વહેમ કરતા હતા. ફરિયાદી બહાર જાય તો તેમને ફોનનું લોકેશન મોકલવાનો આગ્રહ રાખતા અને તેમ ન કરતા તેમના ઉપર હાથ ઉપાડતા હોય. તે દરમ્યાન ગઇ તા. ૦૨/૧૧/૨૦૨૩ ના રોજ રાત્રીના સમયે ફરિયાદીનો પતિ દારૂ પી ને મોડો ઘરે આવેલ આ વખતે ફરિયાદીએ તેમને દારૂ પીવાની ના પાડતા ફરિયાદીને તેમના પતિએ તેમની માતાના ઘરે જવાનું બંધ કરી દે તો હું દારૂ મુકી દવ. આ બાબતે બોલાચાલી થતા ફરિયાદીના પતિએ ફરિયાદીને પટ્ટા વડે તથા ખાલી કાચની બોટલ તથા લાકડી વડે જેમ ફાવે તેમ માર મારવા લાગેલ તેમજ ફરિયાદીનો ફોન તોડી નાખેલ અને રૂમ બંધ કરી દીધેલ જે સતત સવારના ચાર વાગ્યા સુધી માર મારેલ હતચો.

ત્યારબાદ ફરિયાદીએ તેમના પતિના ફોનમાંથી તેમના પિતાજીને ફોન કરેલ પરંતુ તેમના પતિએ ફોન ઝુટવી લીધેલ પરંતુ ફોનની રીંગ જતી રહેલ હતી, જેથી ફરિયાદીના પિતાજીનો ફોન સામેથી આવ્યો તે દરમ્યાન ફરિયાદીના પતિએ ફરિયાદીને છરી બતાવી કહેલ કે તુ તારા પિતાજીને એમ કહેજે કે મારો કાંઈ વાક નથી. ફરિયાદીએ તેમના પિતાજીને કહેલ કે તમે મને તેડી જાવ. તેમ કહેતા ફરિયાદીના પિતાજીએ તેડવા આવેલ ત્યારે પણ ફરિયાદીનો પતિ તેમને ઘરમાથી જવા દેતો ના હતો. ત્યારબાદ ફરિયાદી તેમના પિતાજી સાથે તેમના ઘરે જતા રહેલ. ત્યારબાદ તા.૦૩/૧૧/ ૨૦૨૩ ના રોજ બપોરના સમયે ફરિયાદીના પતિ દારૂ પીને આમવેલા અને ફરિયાદીને તેમજ તેમના માવતરને ભુંડી ગાળો કાઢેલ અને દરવાજામાં લાતો મારીને જતા રહેલ હતા. ત્યારબાદ ફરિયાદીને શરીરમાં મારકુટના કારણે દુખાવો થતા તા.૦૪/૧૧/ ૨૦૨૩ ના રોજ જી.જી.હોસ્પિટલ ખાતે સારવાર કરાવેલ હતી. ત્યારબાદ પોલીસ ખાતામાં આપેલ અરજી અનુસંધાને ફરિયાદીએ સમાધાન કરેલ હતુ. ત્યારબાદ ફરિયાદીના પિતાનું અચાનક અવશાન થઈ ગયેલ હોય. ત્યારબાદ ફરિયાદીએ પોલીસમાં અરજી કરેલ હોય અને પોલીસે તેમને તથા તેમના પતિને બોલાવી કાઉસીલીંગ કરાવેલ હોય જેમા ફરિયાદીએ તેમના પતિ સાથે રહેવુ ના હોય અને છુટાછેડા લેવા હોય તેમ કહેતા ફરિયાદીના પતિ સહમત થયેલ હોય, પરંતુ ત્યારબાદ છુટાછેડા આપવાની ના પાડેલ હતી તેમજ ફરિયાદીને મારી નાખીને પોતે પણ મરી જશે તેવી ધમકી આપતા હોય અને પાછી આપવવા દબાણ કરતા હોય, જેથી આ કામના આરોપી દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪ અને ૫૦૬(૨) મુજબના આક્ષેપિત ગુનાઓ કરેલ છે. સદરહું બનાવ બાબતની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં આપતાં તે મહિલા પોલીસ સ્ટેશન, જામનગર ગુના રજિ. નં.–૧૦/૨૦૨૪ થી નોંધવામાં આવેલી અને તેની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારશ્રી ને સોંપવામાં આવેલી.

**(૨.૦)** સદરહુ બનાવ અનુસંધાનેની તપાસ, તપાસ કરનાર

અમલદારશ્રીએ કર્યા બાદ તેઓશ્રીના મંતવ્ય મુજબ આ કામના આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કરવા માટે પૂરતો પુરાવો હોય, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪ અને ૫૦૬(૨) મુજબના ગુનાઓનું ચાર્જશીટ તારીખ ૨૩/૦૩/૨૦૨૪ ના રોજ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે અને સદર ચાર્જશીટ ફોજદારી કેસ નંબર–૩૭૧૭/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

**(૩.૦)** ત્યારબાદ, આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં તેઓ નામદાર અદાલત સમક્ષ હાજર થયેલ છે, આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૧૭૩ મુજબના પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૦(૧) પ્રમાણે આરોપી વિરૂધ્ધ ઉપરોક્ત ગુનાનું આંક–૬ થી તહોમતનામું કોર્ટ દ્ધારા ફરમાવી, સદરહુ તહોમતનામું આરોપીને વાંચી–સંભળાવી, આરોપીનો સદરહુ તહોમતનામા અંગે આંક–૭ થી જવાબ લેતાં આરોપીએ તેઓની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આરોપીઓ સામે આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪.૦)** ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સિવાય ફરિયાદપક્ષે કોઈ પુરાવો રજૂ થયેલ નથી. આ કામે આરોપીનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપી સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નહી હોવાનું અને બચાવમાં સાક્ષીઓ તપાસવા માંગતા નહી હોવાનું જણાવેલ છે અને તેમને વિશેષમાં તેઓ નિર્દોષ છે. ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે, કહેવાતો કોઇ ગુનો તેમણે કરેલ નથી તેનું જણાવેલ છે.

**(૫.૦)** બાદમાં, રેકર્ડ આધારિત દલીલો પક્ષકારોના વિ.વ.શ્રીઓએ કરેલ છે. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ રજૂ થયેલ પુરાવાઓ પરથી આરોપી વિરુદ્ધ ગુનો સાબિત માની અને દાખલારૂપ સજા કરવાની દલીલ કરેલ છે અને બચાવપક્ષના વિ.વ.શ્રીએ પડેલ પુરાવાના આધારે આરોપી વિરુદ્ધનો કેસ સાબિત થઈ શકે તેમ ન હોય,

ફરિયાદપક્ષનો આ કેસ નાસાબિત માની અને આરોપીને નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાની વિનંતિ કરેલ છે.

**(૬.૦)** આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-// મુ દ્દા //-**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીના પ્રેમ લગ્ન પંકજભાઈ લાખાભાઈ ડાંગર સાથે તા.૧૦/૧૦/૨૦૧૮ ના રોજ થયેલ. ફરિયાદીના લગ્ન જીવન દરમ્યાન નાની નાની બાબતોએ ઝઘડો કરી ફરિયાદીને શારીરિક અને માનસીક દુખત્રાસ, ભુંડી ગાળો બોલી, ફરિયાદી સાથે મારકુટ કરતા હોય અને અવાર નવાર ફરિયાદીના ચારીત્ર ઉપર શંકા વહેમ કરી આરોપીએ ભારતીય ન્યાયસંહિતા ૨૦૨૩ ની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪ અને ૫૦૬(૨) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬.૧)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧. - **નકારમાં.**

(૨) મુદ્દા નં.૨. - **આખરી હુકમ મુજબ.**

**--// નિર્ણયના કારણો //--**

**મુદ્દા નંબર - ૧.**

**(૭.૦)** હવે, આ કામે ફરીયાદની હકીકત જોતાં આ કામના આરોપીઓ ઉપર ફરિયાદીને હેરાન પરેશાન કરી, ત્રાસ આપી, ઝઘડો કરી,

જાનથી મારી નાખવાની ધમકી આપી, શારીરિક માનસિક દુ:ખત્રાસ આપવાનો આક્ષેપ કરવામાં આવેલ છે.

(૮.૦) ફોજદારી ન્યાયતંત્રનાં સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપરની જુબાની આપે છે ત્યારે તેઓ પોતાનાં જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતાં હોય છે. સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. પુરાવાનું મૂલ્યાંકન શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું કે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દવારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેનાં કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલ નથી. કારણ કે દરેક કેસની હકીકત પુરાવો આજુબાજુનાં પરિબળો તે તમામે હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે.

પુરાવાના મૂલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે. સાબિત થયેલી હકીકતો કોને

કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતાં દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપીઓ પર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતાં જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપીઓ પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીઓ જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતાં હોય તો પણ તેમણે પુરાવાનાં કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતાં દર્શાવવાની રહે છે. આરોપીઓએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૯.૦) હવે, ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરિયાદપક્ષે આંક–૨૨ થી ફરિયાદી નિકીતાબેન કમલેશગીરી ગોસ્વામીન ે તપાસવામા ં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, મારા પ્રેમ લગ્ન પંકજ સાથે તા. ૧૦/૧૦/૨૦૧૮ માં થયેલા હતા. લગ્ન બાદ હું મારા માવતરે રહેતી હતી ત્યારબાદ મારા પિતાને મારા લગ્ન ની જાણ થતા હું મારા પતિ ના ઘરે સાધના

કોલોની જામનગર ખાતે રહેવા ગયેલી ત્યાં હું અને મારા પતિ બે જ રહેતા હતા. ત્યારબાદ દોઢેક વરસ મારૂ લગ્ન જીવન સારી રીતે ચાલેલ પરંતુ ત્યારબાદ મારા પતિ સાથે ઘરકામ બાબતે તેમજ અન્ય નાની નાની બાબતે સામાન્ય ઝઘડા તથા બોલાચાલી થવા લાગેલી જેનાથી કંટાળીને મારા માવતરે જતી રહેલી અને હાલની ફરીયાદ કરેલી. મને ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, આ એ જ ફરીયાદ જે ફરીયાદને રજુ દા. આંક ૨૩ આપવામાં આવે છે. હાલ હું મારા માવતરે રહુ છુ મારે મારા પતિ સાથે છુટાછેડા થઈ ગયેલ છે.

(૯.૧) ફરિયાદીએ પોતાની ફરિયાદને સમર્થન આપેલ ન હોય તેમને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ. જેથી સદર સાહેદની વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં પણ તેઓએ પોતાની ફરિયાદને સમર્થન આપેલ નથી.

(૯.૨) ત્યાર બાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે મારે મારા પતિ સાથે સામાન્ય બોલાચાલી અને મતભેદ થયેલા હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે મને તૈયાર કાગળમાં સહિ કરાવી લીધેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે આરોપીએ મને કયારેય કોઈપણ પ્રકારે શારીરીક કે માનસિક ત્રાસ આપેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે મને મારા ઘરે પડી જવાથી ઈજા થયેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે મને મારા પતિએ મારકુટ કરેલ

હોય અને તે બાબતે મે કોઈ સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે મે ડોકટર પાસે પણ મને પડી જવાથી ઈજા થયેલી થેવી વિગત જણાવેલી અને કયારેય એવી હકીકત લખાવેલી નથી કે મને મારા પતિ એ પટ્ટા, લાકડી કે બોટલ વડે ઈજા કરેલી છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે મને મારા પતિએ મને કયારેય જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે હું રાજીખુશીથી સ્વૈચ્છાએ જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે અમારી વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલુ છે અને હું મારા પતિ સાથે છુટાછેડા થઈ ગયેલ હોય હું મારા માવતરે રહુ છું. એ વાતનો સ્વીકાર કરેલ છે કે હવે અમારી વચ્ચે કોઈ મનદુખ રહેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદ કર્યા બાદ થોડા સમયમાં જ અમારી વચ્ચે સમાધાન થી છુટાછેડા થઈ ગયેલ હોય હું મારા પતિ સાથે રહેતી નથી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે આરોપી સાથે મારા છુટાછેડા થઈ ગયેલા છે અને મને છુટાછેડા નો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે હું ઓળખી બતાવુ છુ. વધુંમા ફરિયાદીએ આંક-૨૫ થી ફરિયાદીને આરોપી સાથે છુટાછેડા થયેલ છે તેનુ લખાણ રજુ કરેલ છે.

(૧૦.૦) આ કામે રેકર્ડ પરનો પુરાવો જોતા, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ઘરકામ બાબતે તેમજ અન્ય નાની નાની બાબતોએ સામાન્ય ઝઘડા

તથા બોલાચાલી થવા લાગેલી જેનાથી કંટાળી તેમના માવતરે જતા રહેલ અને હાલ પણ તેઓ તેમના માવતરે રહેતા હોવાની હકીકત જણાવેલ છે. વધુમા ઉલટતપાસમાં આરોપીએ તેણીને કયારેય કોઈ પણ પ્રકારે શારીરીક કે માનશીક ત્રાસ આપેલ નથી. તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેણી ઘરે પડી જતા ઈજા થયેલી અને તે અંગેની સારવાર લીધેલી. વધુમાં એ હકીકતનો પણ સ્પષ્ટ સ્વીકાર કરેલ છે કે તેણીના પતિએ મારકુટ કરતા તેણીને ઈજા થયેલી અને તેથી સારવાર લેવી પડેલી તેવો કોઈ બનાવ બનેલો નથી. તેમજ તેઓએ પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, ત્યાર બાદ મનદુ:ખ દૂર થવાના કારણે તેઓ અને તેમના પતિ સારી રીતે એકબીજા સાથે રહે છે તથા તેમને તેમની સાસરીમાં કયારેય માર મારવામાં આવેલ નથી. ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીઓએ તેમને શારીરિક માનસિક ત્રાસ આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેઓએ માત્ર તેમને સામાન્ય બાબતમાં મનદુ:ખ થવાના કારણે ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે. આરોપીઓ ધ્વારા તેમને માર મારવામાં આવેલ હોય અને તેઓને સારવાર લેવી પડેલ હોય તેવી કોઈ હકીકત તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. ફરિયાદીએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ફરિયાદથી તદન વિરુધ્ધની હકીકતો જણાવેલ છે અને આરોપીઓને તકસીરવાર

ઠરાવી શકાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. જેથી ફરિયાદીની આંક- ૨૩ વાળી ફરિયાદ ફરિયાદીની જુબાનીથી પુરવાર થતી નથી. આમ, આ સાહેદોએ પણ પોતાની જુબાનીમાં આરોપીઓ વિરુધ્ધનો કોઈ પુરાવો આપેલ નથી. વધુમાં બંને પક્ષકારો વચ્ચે સહખુશીથી સમાધાન થઈ ગયેલ છે અને તેઓ એકબીજા સાથે છુટાછેડા લઈ લીધા છે. આમ હાલ પક્ષકારો વચ્ચે કોઈ તકરાર હોય તેવુ જણાઈ આવતુ નથી. જેથી આ ફરિયાદીની જુબાની પરથી આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, જયારે પક્ષકારોના કૃત્યો સમાજ વિરોધી ના હોય ત્યારે પક્ષકારો વચ્ચેની તકરારોનું કાયમી નિવારણ આવે તે માટે કોર્ટે પ્રયત્નો કરવા જોઈએ.આવી હકીકતો હોય ત્યારે કોર્ટે વધુ પડતો ટેકનીકલ વ્યુહ લેવો ના જોઈએ તેવુ આ અદાલતનું માનવું છે.

**(૧૧.૦)** વધુમાં, આ કેસની હકીકતોને ધ્યાને લેતાં બંને પક્ષો વચ્ચે બોલાચાલી અથવા ઝઘડો થયેલ હોય તેવું રેકર્ડ પર આવે છે પરંતુ ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત મુજબ ફરીયાદીની ફરીયાદ લેશમાત્ર શંકા ઉપજાવે તેવી હોય તો આવી શંકાનો લાભ ચોકકસપણે આરોપીઓને જ મળે છે. તે ઉપરાંત જયારે કેસનાં સંજોગોમાં જોતાં બે વ્યુ આવતાં હોય તો તે સમયે આરોપીઓનાં લાભનો વ્યુ અપનાવવો જોઈએ. આ અંગે નામદાર વડી અદાલતનાં નીચેનાં ચુકાદા ને ધ્યાને લેતાં...

It was held in the case of Bhagwan Singh and others

versus State of Madhya Pradesh, 2002 (2) RCR (Cri.) (S.C) 593, that if two view are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other of his innocence, the view which is favourable to the accused be adopted.

ઉપરોકત ચુકાદામાં નામદાર વડી અદાલતે ઠરાવ્યા મુજબ પણ આ કામે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોય તેવું આ અદાલતનું માનવું છે.

**(૧૨.૦)** આમ, સમગ્ર હકીકતે ફરીયાદપક્ષ આ કામના આરોપીએ ફરિયાદીના પતિ થતા હોય ફરિયાદીના લગ્ન જિવન દરમ્યાન નાની નાની બાબતોએ ઝઘડો કરી ફરિયાદીને શારીરીક અને માનસીક દુખત્રાસ, ભુંડી ગાળો બોલી, ફરિયાદીની મારકુટ કરી આરોપીએ, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ- ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪ અને ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આ કેસના નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ મુદા નં.'**૧**' નો જવાબ '**નકારમાં**' ઠરાવી મુદા નં. '**૨**' પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**--// આ ખ રી હુ ક મ //--**

(૧) આ કામના **આરોપી-પંકજભાઈ લાખાભાઈ ડાંગર** નાઓને રતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪ અને ૫૦૬(૨) મુજબના સજાને પાત્ર ગુનાના તહોમતમાંથી ક્રિમિનલ પ્રોસીજર કોટની કલમ-૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ ચાલતા કામ દરમ્યાન આપેલ જામીન ક્રિમિનલ

પ્રોસીજર કોટની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ:૦૫મી માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળઃ જામનગર.
તા.૦૫/૦૬/૨૦૨૬.

(નરેન્દ્રકુમાર ગુણવંતરાય પરમાર)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ &
અધિક ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જામનગર
(કોડ નંબરઃ જીજે૦૦૮૬૯)